Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## ઋણ

કૈં લોકકેરા શ્રમથી સીંચાય
ત્યારે ખીલે જીવનબાગ મારો.
પ્રત્યેક એની ફૂલ પાંખડીમાં
સુગંધ મ્હેકે સહુની સહાયની
એ સત્ય ભૂલી જઉં ના કદાપિ
ને પ્રાર્થું કે વિશ્વથકી હું મારી
આંતર અને બાહિર જીંદગાની
કાજે લઉં તેટલું ચૂકવું સદા

ગીતા પરીખ

('કુમાર'માંથી સાભાર ઉદ્ધૃત)

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૮
અંક
૪

મહા
સં. ૨૦૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणीका



| | | | |
|---|---|---|---|
| ૧ | સુભાષિત | | |
| ૨ | શ્રી આદિશ્વર સ્તવન | ( બાપુલાલ કાલીદાસ સઘાણી ) | ૬૬ |
| ૩ | વર્ષાન્યોક્તિ | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૬૭ |
| ૪ | સ્વાવલંબન | ( અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૬૮ |
| ૫ | બુદ્ધિ અને શ્રદ્ધા | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૭૨ |
| ૬ | સર્વોદય | ( આ. જંબુસૂરીશ્વરજી મહારાજ ) | ૭૫ |
| ૭ | અંધશ્રદ્ધા સામે જેહાદ | ( શ્રી પરમાણંદદાસ કુંવરજી ) | ૭૬ |
| ૮ | જૈન ભાઈઓ જાગો | ( હરિલાલ બેન્કર ) | ૭૮ |
| ૯ | અધ્યાત્મ મૌક્તિકો | ( શા અમરચંદ માવજી ) | ૭૯ |
| ૧૦ | નિરંતર વિચારવા લાયક સુંદર ભાવના | ( મુનીશ્રી લક્ષ્મીસાગરજી મ. ) | ૮૦ |





## જીવનને ઘડવામાં ઉપયોગી

# બે પ્રાણવાન પ્રકાશનો

## જ્ઞાનપ્રદીપ ( ભાગ ૧ થી ૩ )

આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજુ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાંચન-મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા ૮-૦ રાખવામાં આવેલ છે ( રવાનગી ખર્ચ અલગ ).

## કથાદીપ

### લેખક :— મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )

તત્ત્વચિંતક મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ ) ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કે—

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચાર-મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે. કિંમત દોઢ રૂપિયો ( પોસ્ટેજ અલગ ) ગ્રંથરત્નો આજે જ મંગાવો

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री आत्मानंद प्रकाश

વર્ષ ૫૮ મું ] મહા તા. ૧૫-૨-૬૧ [ અંક ૪થો

## सुभाषित

एकोऽपि गुणवान् पुत्रो निर्गुणैः किं शतेन तैः ।
एकश्चंद्रो जगश्चक्षु नक्षत्रैः किं प्रयोजनम् ॥

( વસંતતિલકા )

સત્કર્મથી સકલ વંશ દીપાવનારો,
ઝાઝા કુપુત્ર કરતાં સુત એક સારો;
તારા ઘણા પણ પ્રકાશ ન લેશ આપે,
છે ચંદ્ર એક પણ તિમિર સર્વ કાપે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આદિશ્વર સ્તવન

લેખકઃ— બાપુલાલ કાળિદાસ સઘાણી " વીરબાલ "—મોરવાડા

[ છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ ! એ શ્રી મેઘાણીજીનો રાગ ]

અંધારાં યુગ યુગનાં આ ઉલેચજો દાદા !
પુરાણ પુરૂષ! વારસની વાટ ઉજાળજો દાદા !
માઝમ રાતને સોણલીએ અણુ પીછેલું.
પાપાઘાતના પડઘાએ ઝંખેલું
વેદના-જંતર ડે ભીતરમાં ભવિલું.
એ સ્પંદનમાં તુજ અમીભર અંખીયું દાદા !
નીરખીને જાગ્યું આ જીવન ભુલકું દાદા ! અંધારાં૦ ૧

ધીરૂં ધ્રુજતુંને વાંકલું નાનકડું.
પગલું ભરી શીર ફોડતું, આફળતું.
હું પા પા પગલી પાડતું બાળકડું.
પછડાટે પછડાટે તલપે શાંતિ સુન્ય ભરી દાદા !
એ વિષધેનો વારજો આશાનો સાદ કરી દાદા ! અંધારાં૦ ૨

સદીઓથી અંધાર અમ કોઠે પડેલા
રાત્યુંની રાતપને ઉજાસ ટેવેલા
ઘેંઘુર બનીને'ને સર્વસ્વ માનેલા
એ ભુતતણા ભણુકાર દોરવા દિલ ચડયે દાદા !
વંટોળા ઠારણહાર અમી બે બુંદ ધર્યે દાદા ! અંધારાં૦ ૩

વિદ્યા ના જપું વાદ—વિવાદ માટે
ન જાચું વિલાસો કદી શાંતિ સાટે
મદીલી જુવાની ન વાંછું રૂંવાંટે
અંતરમાં અભિલાષ, ખોળે તુજ પોઢવાં દાદા !
પસવારો વાંસે હાથ ઢળે મુજ પોપચાં દાદા ! અંધારાં૦ ૪

અંધારાં યુગ યુગનાં આ ઉલેચજો દાદા !
પુરાણ પુરુષ ! વારસની વાટ ઉજાળજો દાદા !
અંધારે ઘેર્યો પંથ ઝબુકો વીજળી દાદા !
ડગમગતું આ બાળ ગ્રહી લ્યો આંગળી દાદા ! અંધારાં૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્ષાન્યોક્તિ

( હરિગીત )

તૂં આવ ભો વરસાદ ! તારા ઉચિત સમયે ગર્જતો
ક્ષેત્રોતણે ભીંજાવ સારા ધાન્ય ઉગવા વર્ષતો
ઉપકાર તારા માનવોના પ્રાણનો આધાર તૂં
પશુ પક્ષિઓ વન વૃક્ષરાજી સર્વનો સર્વસ્વ તૂં...૧
તારી કૃપાથી અવની દીપે શસ્ય શ્યામલકાર તૂં
આનંદ મંગલ જગતમાહે વિકસનાલંકાર તૂં
સહુ સાધ્ય જગમાં થાય છે સુખ તાહરા આગમનથી
માને સહુ તુજ ઇંદ્ર જગમાં આવકારે નમનથી...૨
જે કપટ પટુ ને નીચ નાસ્તિક આચરે સંહારને
પ્રાણો હરે નિર્દોષના પોતાતણા સુખ કારણે
તૂં ઉખર ભૂમિ પર વૃથા કાં વર્ષતો જલધારને
ને કઠણ પર્વત શિખરને ભીંજાવતો તે શુષ્કને...૩
દરિયા ભરાયા જલથકી ત્યાં વ્યર્થ કાં તૂં આવતો
ઉદ્ધત વહે જે નિમ્નગા તેમાં જઇ કાં વર્ષતો
ઉપકાર તૂં અપકારીઓ પર કાં કરે નિષ્કારણે
કાં વિવેક ન દાખવે તૂં ઉચિત અનુચિત ભાવને...૪
વરસાદ બોલે સુજનજન ! સહુ સાંભળો મુજ વચનને
સજ્જન મને નહીં આપ પરના સ્વજન પરજન ભેદને
ઉપકાર કરવો ધર્મ ગણતા સતત ઉલ્લસિત ભાવથી
માને નમાને કોઇ એને પ્રેમ આદર શબ્દથી...૫
અરિહંત આપે બોધ પર ઉપકાર બુદ્ધિ મન ધરી
હિંસક અહિંસક કોઈ હો વર્ષે સુધારસ માધુરી
કો' બોધ મનથી આદરે વા કો' ઉપેક્ષા તસ કરે
મનમાં ધરે નહીં દ્વૈતને ઉપકાર કરતા આદરે...૬
જે મુનિજનો મન ઓળખે છે આત્મરૂપે સર્વને
તેમાં ન ધાર ભેદ કોઇ આચરી નિજ ધર્મને
કોઇ નિંદતા વા વંદતા હો નિજતણા બુદ્ધિ બળે
સમતા ધરાવે આત્મકેરી પુણ્ય સ્વંચય જે મળે...૭
માટે ન જોશો દોષ મારા ચિત્ત શાંતિ આદરી
હું જે કરૂ છું ધર્મભાવે તેહ મનમાં સંઘરી
આદર કરો જો ધર્મનો તો કૃપણતાને પરિહરો
બાલેન્દુના વચનો સુણી ઔદાર્ય નિજ મનમાં ધરો...૮

કવિ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વા વ લં બ ન

અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ.

"પરાધીન સ્વપ્ને સુખ નહિ, કરી વિચાર દેખો મન માંહિ"

સ્વાવલંબનને આત્મ–નિર્ભરતા, સ્વાતંત્ર્યપ્રિયતા, સ્વયંસહાય, અને આત્માવલંબન પણ કહેવામાં આવે છે. તેનો અર્થ એ છે કે આપણા પોતાના આધાર પર રહીને સંસાર–યાત્રા પૂરી કરવી અથવા પોતાના જ પગ ઉપર ઊભા રહેવું. સફળતાના જેટલા અંગો છે તે સર્વમાં એનો દરજ્જો ઘણો જ ઊંચો છે. તે એક એવી શક્તિ છે કે જે દ્વારા મનુષ્ય અનેક વિઘ્ન બાધાઓ હોવા છતાં પણ પોતાનો ઉદ્દેશ પૂર્ણ કરવાનો યત્ન કરી શકે છે. આળસુ અને પરોપજીવી લોકોને માટે તો એ ઝેરથી પણ કડવું છે. જેઓને સંસારમાં રહેવું છે, જેઓને સંસારમાં પોતાનું અસ્તિત્વ સ્થિર રાખવું છે અને જેઓને સુખનો કિંચિત્ પણ અનુભવ કરવો છે તેઓને માટે સ્વાવલંબન એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રિય વિષય છે. મનુષ્ય જાતિનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે સ્વાવલંબન વગર કોઈ સમાજ, દેશ અથવા રાષ્ટ્ર પરાધીનતાની બેડીમાંથી કદિ પણ મુક્ત થઈ શકતો નથી.

અંગ્રેજીમાં કહેવત છે કે "God helps those who help themselves" અર્થાત્ જેઓ પોતાની જાતને સહાય કર્યા કરે છે તેઓને જ પરમેશ્વર સહાય કરે છે. આ વિષયમાં હર્ક્યુલીસ અને ગાડી-વાળાની વાત ઘણે ભાગે સૌના જાણવામાં જ હોવી જોઇએ. ઉક્ત કહેવતમાં સ્વાવલંબનનું જે તત્ત્વ રહેલું છે તેની સત્યતા મહારાણા પ્રતાપસિંહનાં જીવનમાં સારી રીતે પ્રકટ થાય છે. મહારાણાને સહાય કરનાર કોણ હતું ? માત્ર મુઠ્ઠીભર ભીલ લોકો. તેમનો શત્રુ કોણ હતો ? મુગલ સમ્રાટ્ અકબર, કે જે તે સમયે ભારતવર્ષનો કર્તા, ધર્તા તથા વિધાતા હતો. વળી મહારાણાએ એવા પ્રચંડ પુરુષની સાથે કોના આધારે શત્રુતા કરી હતી ? શું તેમને કોઇની સહાય હતી ? નહિ જ. તેમણે તો કેવળ પોતાની સ્વાલંબન શક્તિ પણ વિશ્વાસ રાખ્યો, તેમણે કેવળ પોતાની શારીરિક માનસિક અને નૈતિક આત્મ શક્તિને ભરોસે સ્વાધીનતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો. છેવટે તેઓ સફલ મનોરથી પણ બન્યા. તાત્પર્ય એ છે કે જ્યાંસુધી મનુષ્ય, પોતે પોતાની જાતને સહાય નથી કરતો ત્યાં સુધી કોઈ પણ મનુષ્ય તેને સહાય કરી શકતો નથી. સ્વાવલંબન જ મનુષ્યની ઉન્નતિનો મુખ્ય ઉપાય છે. પ્રાણીશાસ્ત્રનો સિદ્ધાંત છે કે પ્રત્યેક જીવને પોતાની ઉન્નતિ અથવા સુખની પ્રાપ્તિને અર્થે સ્વયંયત્ન કરવો પડે છે એને જીવનાર્થ કલહ કહેવામાં આવે છે એ પ્રાકૃતિક નિયમ ઉપરથી આપણને એટલું શીખવાનું મળે છે કે પ્રત્યેક મનુષ્યે પોતાની ઉન્નતિ અર્થે સ્વયંયત્નશીલ બનવું જોઇએ. આવી સ્થિતિમાં જે લોકો પોતે પોતાની જાતને સહાય કરી શકતા નથી તે લોકોને કુદરત પ્રાકૃતિક નિયમની વિરુદ્ધ કેવી રીતે સહાય કરી શકે ? જો વસ્તુસ્થિતિનો વિચાર કરવામાં આવે તો એટલું તો કહેવું પડશે કે અકબર સરખા પાદશાહની સામે સફલતાપૂર્વક વિરોધ કરવો તે મહારાણા પ્રતાપસિંહ માટે એક અસંભવિત વાત હતી. પરંતુ તે અસં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિત કાર્ય પણ મહારાણાની સ્વાવલંબિની વૃત્તિદ્વારા સિદ્ધ થઈ ગયું. અર્થાત્ જ્યારે તેમણે સ્વયંયત્ન કર્યો ત્યારે પ્રાકૃતિક નિયમાનુસાર તેમને સફળતાની પ્રાપ્તિ થઈ. લોકો વાતવાતમાં એમ કહ્યા કરે છે કે ઇશ્વર અમારો સહાયક છે, પરંતુ તેના ખર્ચ તરફ ઘણા થોડા જ લોકો ધ્યાન આપે છે. પરમેશ્વર આપણો સહાયક છે એ ખરું, પણ તે કયારે? જ્યારે આપણે સ્વયં આપણી જાતને સહાય કરીએ, જ્યારે આપણે સ્વયં આપણી ઉન્નતિ અર્થે યત્ન કરીએ ત્યારે. અન્યથા નહિ. કહેવાનું તાત્પર્ય એ છે કે જે ઇશ્વરને આપણે સહાયક બનાવવો હોય, જો ઇશ્વરની સાથે મિત્રતા અને સખ્ય ભક્તિ કરવી હોય તો આપણે તેની આજ્ઞાનુસાર, તેના પ્રાકૃતિક નિયમ અનુસાર વર્તવું જોઇએ. અર્થાત્ આપણે જ આપણી જાતને સહાય સ્વયં કરવી જોઇએ. આપણને સ્વાવલંબનના વિષયમાં સંપૂર્ણ નિષ્ઠા હોવી જોઇએ.

ઇતિહાસના અભ્યાસકો જાણે છે કે જ્યારે કોઇપણ જાતિ સ્વાવલંબનની શક્તિ ગુમાવી બેસે છે ત્યારે તે પોતાના નાશનો માર્ગ પણ ખુલ્લો કરે છે. હમેશાં ધ્યાનમાં રાખવું કે આપણું અસ્તિત્વ હંમેશને માટે ટકાવી રાખવાનું માત્ર એ શક્તિદ્વારા જ સંભવિત છે. તુલસીદાસજીએ કહ્યું છે કે પરાધીનતા સમાન કોઇપણ વસ્તુ દુ:ખદાયક નથી એટલે સુધી કે પરાધીન મનુષ્યને સ્વપ્નમાં પણ સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. વાત સાચી છે. આજકાલ પણ સ્વાધીનતાનું નામ સાંભળતાં જ લોકોનાં હૃદય ઉલ્લાસિત બને છે. પરંતુ સ્વાધીનતામાં જેટલી મીઠાશ રહેલી છે તેટલી જ કઠિનતા તેની પ્રાપ્તિના સાધનોમાં રહેલી છે. જે મનુષ્ય પોતાના પગ ઉપર ઊભો રહી શકતો નથી તે શું સ્વાધિન બનવાનો કદિ પણ અધિકારી બની શકે? કદિ પણ નહિ. હવે એ જાણવું જોઈએ કે સ્વાવલંબન-શક્તિ પ્રાપ્ત કરવાનાં સાધનો કયા છે? એટલું તો સૌના જાણવામાં જ છે કે જે વસ્તુ જેટલા અધિક મહત્ત્વ અને મૂલ્યની હોય છે તેની પ્રાપ્તિ પણ ઘણી જ મુશીબતથી થાય છે. પ્રસ્તુત વિષયનું પણ તેમજ છે. સ્વાવલંબન શીખવાનો જો કોઈ ઉચિત માર્ગ હોય તો તે આત્મવિશ્વાસ જ છે. સ્વાવલંબનમાં આત્મવિશ્વાસ, દૃઢ નિશ્ચય અને હમેશાં યત્ન કરતા રહેવાની ઇચ્છાનો સમાવેશ થાય છે. આત્મવિશ્વાસ વગર પોતાની કાર્ય કરવાની શક્તિ ઉપર દૃઢ વિશ્વાસ રાખી કામ કર્યા વગર આપણે કદાપિ સ્વાવલંબી બની શકતા નથી. જે મનુષ્ય સ્વયં પોતાની જાતને સહાય કરવા ઇચ્છે છે, જે મનુષ્ય સ્વયં પોતાના જ ઉપર અવલંબિત રહેવા ઇચ્છે છે તેને સૌથી પહેલાં પોતાની આંતરિક શક્તિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. જે મનુષ્યને પોતાના આત્મિક બળ ઉપર વિશ્વાસ નથી હોતો તે પોતાના અવલંબનથી કંઈ પણ કાર્ય કરી શકતો નથી. પ્રત્યેક મનુષ્યમાં એક એવી સ્વાભાવિક શક્તિ રહેલી છે કે જેનો ઉપયોગ કરવાથી મનુષ્યને માટે આ સંસારમાં કોઇપણ વસ્તુ અસંભવિત થઈ શકતી નથી. નેપોલીયન બોનાપાર્ટ જેવા સમર્થ અને પ્રયત્નશીલ મનુષ્યોની ભાષામાં 'અસંભવ' 'અશકય' શબ્દનો કદિ પણ ઉપયોગ કરવામાં આવ્યો ન હોતો. આત્મવિશ્વાસનો યોગ્ય ઉપયોગ કરવાથી જ મનુષ્ય દેવત્વ પ્રાપ્ત કરી શકે છે.

હમેશાં સ્મરણમાં રાખવાનું છે કે આંતરિક શક્તિઓનો વિકાસ કેવળ આત્મવિશ્વાસમાં જ થયા કરે છે. જો મનુષ્ય પોતાની આંતરિક શક્તિઓ ઉપર વિશ્વાસ ન કરે, જો તે સ્વયં પ્રયત્ન ન કરે અને જો તે પોતાની ઉન્નતિને અર્થે બીજા લોકોના પ્રયત્ન ઉપર અવલંબિત રહે તો તેનો આત્મવિશ્વાસ નષ્ટ પ્રાય: થઈ જશે. ખરું કહીએ તો તેનું મનુષ્યત્વ જ ચાલ્યું જશે. જ્યાં જ્યાં પોતાની ઉન્નતિ અને સુખને અર્થે બીજા લોકો ઉપર અવલંબિત રહેનાર લોકોની સંખ્યા વધારે હોય છે, ત્યાં ત્યાં લોકો સદા સર્વદા અધોગત દશામાં જ રહે છે, તે સદા પરાધીન બની રહે છે. એ રીતે પરાધીન બનતા બનતા મનુષ્ય એવી નિકૃષ્ટ અવસ્થાએ પહોંચી જાય છે કે તે નાનાં કાર્યોમાં પણ બીજાનાં મુખ તરફ જોઈ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ જે દેશમાં સ્વાવલંબી પુરુષોની સંખ્યા વધારે હોય છે, જે દેશના લોકો પોતાની આંતરિક શક્તિઓ ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખે છે તે જ દેશ ઉન્નતિના શિખરે પહોંચી શકે છે સર્વ સાધારણ લોકો એવા પ્રયત્નશીલ, સ્વાવલંબી અને આત્મવિશ્વાસુ મહાત્માઓનું અનુકરણ કરીને આત્મોદ્ધારના કાર્યમાં લાગી જાય છે. આત્મવિશ્વાસ અને સ્વાવલંબનનો અભ્યાસ વિદ્યાર્થી અવસ્થામાંથી જ શરૂ થવો જોઇએ. તેનું કારણ એ છે કે ઉક્ત બન્ને ગુણો પરસ્પરાવલંબી છે. તે બન્નેનો અન્યોન્ય સંબંધ છે. જ્યાં સુધી મનુષ્યનો આત્મવિશ્વાસ જાગ્રત રહે છે ત્યાં સુધી તે સ્વાવલંબી રહી શકે છે. આત્મવિશ્વાસથી મનુષ્ય પોતે પોતાને સહાય કરવા સમર્થ બની જાય છે. એ રીતે સ્વયં સહાય કરતા કરતા તેનો આત્મવિશ્વાસ દઢીભૂત બની જાય છે. એ બન્નેમાં ન્યૂનાધિકતાની તુલના કરવી નિરર્થક છે. એટલા માટે જ વિદ્યાર્થી અવસ્થામાં જ એ બન્ને ગુણોનો અભ્યાસ એક સાથે જ શરૂ થવો જોઈએ. આ વિષયમાં એક બીજી વાત ધ્યાન આપવા યોગ્ય છે. તે એ છે કે જ્યારે કોઇને ક્યાંયથી મફત ટૂકડો મળવાની આશા અને વિશ્વાસ રહે છે ત્યારે તે મનુષ્ય પોતાના હાથપગ ચલાવવાની અને કોઈ જાતનો ઉદ્યોગધંધો કરવાની આવશ્યકતા સમજતો નથી. આ ઉપર આપણે યોગ્ય ધ્યાન આપતા નથી. જુઓ સેંકડો સાધુ વેરાગી મસ્ત બનીને મજા ઉડાવી રહ્યા છે અને આજકાલના નામધારી દાનવીર પુરુષો તેઓને અંતઃકરણપૂર્વક પૈસા આપી રહ્યા છે અને જેઓ ખરેખરી રીતે ભિક્ષા તથા દાનને પાત્ર હોય છે તેઓ તરફ કોઈનું પણ ધ્યાન ખેંચાતું નથી. આવા લોકો દ્રવ્યનો અપવ્યય કરવાના દોષિત બને છે એટલું જ નહિ પણ તેમના ઉપર એક બીજા દોષનો આરોપ આવે છે. તે લોકો બીજાઓને પરાવલંબી, આળસુ અને સમાજકંટક બનાવવામાં સહાય કરે છે. કેટલાક નવયુવકો એમ વિચાર્યા કરે છે કે પોતાને કોઈ પૈતૃક સંપત્તિ થોડા દિવસમાં મળવાની છે. એવા લોકો મનમોદકથી જ ક્ષુધા શાંત કરવામાં સર્વ કોઈ નષ્ટ કરી મૂકે છે. તેઓને એ વાતનો વિશ્વાસ રહે છે કે અમને બાપદાદા તરફથી 'અવલંબનને માટે લાકડી' તો મળવાની છે તો પછી અમારે શા માટે ફોકટ મહેનત કરવી? પરંતુ સ્મરણમાં રાખો કે જેઓ અવલંબન પકડી ચાલવાનું શીખે છે તેઓ તેના વગર ઘડી પણ ચાલી શકતા નથી એક અંગ્રેજ ગ્રંથકાર કહે છે કે–નવયુવકોને આર્થિક સહાયત આપવી તે ઘણે ભાગે તેઓને પાંગળા અને નિરુદ્યમી બનાવવાનો અત્યંત (આવશ્યકતાથી વધારે) સરળ ઉપાય છે પરંતુ આપણે ત્યાં તો ધનવાન લોકો પોતાના સંતાનોની પાછળ હરવખત નોકરો રાખવામાં પોતાનું મોટું માન સમજે છે.

પરાધીનતામાં કશું સુખ નથી. કેમકે જે લોકો હમેશાં પરાધીન દશામાં રહે છે તેઓનો આત્મવિશ્વાસ નષ્ટપ્રાયઃ થઈ જાય છે. આ વાતનું એક દૃષ્ટાંત લઈએ. જલાશયોની અંદર એક જાતની માછલી હોય છે તે જલાશયમાંથી બહાર નીકળેલી હોય ત્યારે તેનો તમાસો જુઓ. તેનામાં એટલી બુદ્ધિ જોવામાં નથી આવતી કે તે કૂદીને જલાશયમાં ચાલી જાય તેમજ તે માટે તે કાંઈ પણ પ્રયત્ન કરતી નથી. એક હાથ ભર દૂર હોય તો પણ તે જલાશયમાં કૂદી જવાનો લેશ પણ પ્રયત્ન કરવા ચાહતી નથી તે તો એટલું જ ઈચ્છે છે કે પાણીનું એક નાનું મોજું આવીને મને ઘસડી જાય તો ઠીક. શું આપણને આ સંસારમાં આવા પ્રકારના હજારો મનુષ્યો દૃષ્ટિગોચર થતા નથી? જ્યારે એવા મનુષ્યોને કાર્યક્ષેત્રમાં એકલા છોડી દેવામાં આવે છે ત્યારે તેઓ પોતે કંઈપણ મહેનત કરવાને બદલે એટલું જ ઈચ્છે છે કે અનુકૂળ દૈવ રૂપી એક પડધી લહરી મને સંસાર સાગરની પાર ઉતારી દે તો સારું–પરંતુ એમ બનવું અશક્ય છે. બીજાના વિશ્વાસે કેટલા દિવસ કાર્ય ચાલશે?

મનુષ્યને જે શક્તિઓ બક્ષવામાં આવી છે તે એટલા માટે નહિ કે તે બીજાનાં મ્હોં સામે તાકીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે તે શક્તિઓ મનુષ્યને સ્વતંત્ર તેમજ સ્વાવલંબી બનવા માટે આપવામાં આવી છે. જ્યારે આપણે કોઈને એમ કહેતો સાંભળીએ છીએ કે અમુક કાર્યમાં અનેક સંકટ તથા મુશ્કેલીઓ આવે તેમ છે તેથી તે કાર્ય અમારાથી બની શકશે નહિ ત્યારે ખરેખર આપણને સખેદ આશ્ચર્ય થાય છે. એવા લોકો પડ્યા વગર પડી જવાની બીકથી હમેશાં દુઃખી બની રહે છે. જ્યારે તેઓ ખરેખરી રીતે પડી જશે. ત્યારે તેઓની શી દશા થશે તે કલ્પી શકાતું નથી, ખરૂં કહીએ તો વિઘ્ન, અડચણો, મુશ્કેલીઓમાં જ માનવ-જીવનની યોગ્યતાના વિકાસના મૂળતત્ત્વો છુપાયલા છે. અંગ્રેજ લોકોમાં સ્વાધીનતા, દૃઢનિશ્ચય અને પ્રયત્ન કરવાની શક્તિનો વિકાસ અનેક વર્ષો સુધી સંકટોની સામે ટક્કર મારવાને લઇને ઘણોજ વૃદ્ધિ પામ્યો છે તે લોકોએ પોતાની ઉન્નતિ અર્થે પોતેજ પ્રયત્નો કર્યા છે. મહાન સંકટોથી ઘેરાયલા હોવા છતાં પણ તે લોકોએ સ્વાવલંબનદ્વારા આત્મોન્નતિ કરવાનો પોતાનો ઉદ્દેશ કદિ તજ્યો નથી. તે એટલે સુધી કે સ્વાધીનતાની રક્ષા ખાતર તે લોકોએ પ્રજ્વલિત અગ્નિકુંડમાં બળીને ભસ્મીભૂત થઈ જવાનું પસંદ કરી લીધું: પરંતુ સ્વાવલંબનના માર્ગથી તેઓ કદિ ચ્યુત થયા નહિ. તાત્પર્ય એ છે કે સંકટોથી કદાપિ ડરવું ન જોઇએ, તેની સામે હમેશાં લડવું એ જ ઉચિત છે. જે મનુષ્ય દુઃખ અને સંકટની ગોદમાં ઉછરેલો હોય છે તે તેને પોતાની બાલ્યાવસ્થાના મિત્રો સમજીને શાંત ચિત્તથી આલિંગન કરી શકે છે. પરંતુ જે હમેશાં આળશ અને પરાધીનતામાં રહે છે તે સંકટનું નામ સાંભળતા જ ધ્રૂજી ઊઠે છે એટલા માટે વિદ્વાન તેમજ ઉદ્યોગી માણસો સંકટોને, મુશ્કેલીઓને કુદરતની કૃપા સમજે છે


ખેદની વાત છે કે આ જમાનાનો પ્રવાહ કેટલેક અંશે આપણને પરાવલંબી થતા શીખવી રહ્યો છે. પાણીમાં તરવાનું પવનથી ભરેલા તુંબડાની સહાયથી શીખવવામાં આવે છે. આપણા વિદ્યાર્થીઓ પાચન ટીકડીના સેવન વગર ખાધેલું અન્ન પચાવી શકતા નથી. હરવાફરવા માટે ક્યાંય બહાર જવું હોય તો ઘોડાગાડી અથવા મોટરગાડીની જરૂર પડે છે. ધનપ્રાપ્તિ માટે ગુલામી સિવાય કાંઈ સૂઝતું નથી કીર્તિ અને અધિકાર પ્રાપ્તિ માટે 'હાજી હા' સિવાય બીજો કોઈ માર્ગ નથી જડતો. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે જરૂરનું છે કે તેઓએ પોતાના સ્વતંત્ર અને શુદ્ધ વિચારો અનુસાર સઘળા કાર્ય કરવાની ટેવ પાડવી જોઇએ જો તેઓ અત્યારથી જ પરાધીન બની જશે તો પછી ભવિષ્યમાં સ્વાવલંબનની આશા રાખવી તે આકાશ પુષ્પવત્ છે.

આપણા સમાજમાં એવી અનેક કુરીતિઓ પ્રચલિત થઈ ગઈ છે કે જે સ્વાવલંબન વગર સુધરી શકે તેમ નથી. વર્તમાન યુગમાં દેશની સ્થિતિ અનુસાર એવી અનેક જરૂરિયાતો છે કે જેને માટે સ્વાવલંબી માણસોની જ જરૂર છે. આપણા સમાજની કુરીતિઓ સુધારવાનું અને દેશની જરૂરિયાતો પૂરી પાડવાનું કાર્ય મુશ્કેલી ભર્યું છે તે સંદેહ વગરની વાત છે. પરંતુ એવે સમયે જ સ્વાવલંબી પુરુષોની કસોટી થાય છે. અત્યારે જેવો વિદ્યાર્થી અવસ્થામાં છે તેઓને થોડા વખતમાં જ ઉક્ત કઠિન સમસ્યા પૂર્ણ કરવાની તક મળશે. એમાં તે લોકોજ સફળ થશે કે જેઓ આત્મવિશ્વાસના આધારે સ્વાવલંબનનો કંઈક વિકાસ કરી શકશે. ઉપર કહેવામાં આવ્યું છે કે આત્મ-વિશ્વાસ જ સ્વાવલંબનની ચાવી છે. જે મનુષ્ય પોતે પોતાની શક્તિઓ ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખશે તે જ સ્વાવલંબી બનીને પોતાનાં ભાગ્યનો વિધાતા બની જશે અને પોતાના દેશ તથા સમાજની કંઈક ઉપયોગી સેવા પણ કરી શકશે. એથી ઊલટું, જેઓ પોતાની શક્તિઓ ઉપર વિશ્વાસ નથી રાખતા અને જેઓને પરાવલંબન પ્રિય હોય છે. તેઓ દાસત્વની શૃંખલામાં જ જીવન વીતાવશે.

★

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બુદ્ધિ અને શ્રદ્ધા

(લેખક- સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ.)

મનુષ્યોને અનેક ઇંદ્રિઓ છે અને તેમના દ્વારા એ અનેક સારા કે માઠા કાર્યો આદરે છે અને સંપૂર્ણ પણ કરે છે. એ ઇંદ્રિઓ સાથે મન પણ ઘણું મોટું કામ કરે છે. કહેવું પડશે કે ઇંદ્રિઓ જે કામ કરે છે તેને ચાલતા રાખવાને મુખ્યત: મન જ કારણભૂત હોય છે. મન ધારે તો ઇંદ્રિઓને કાર્ય કરતા અટકાવી પણ શકે છે. એવો મનનો અધિકાર છે. છતાં એ એવું તો અટપટુ અને ચંચલ હોય છે કે, તેને મર્યાદામાં રાખવું એ ભલભલાને ઘણું કઠણ થઈ પડે છે. તેથી જ મનોલય સાધવા માટે કે તેને નિષ્પ્રભ કરવા માટે અનેક જાતની સાધનાઓ કરવી પડે છે. અને અનેક જાતના કપરા નિબંધો પોતા ઉપર ઇચ્છાએ કે અનિચ્છાએ પણ બેસાડી દેવા પડે છે. મનને તાબે રાખવા માટે તેની માગણી વિરૂદ્ધ અનેક નિયમો અને વ્રતો ધારણ કરવા પડે છે અને આમ કરવા છતાં એમાં કોઈક જ યશ મેળવી શકે છે. આવો જબરો કાબુ આપણા આત્મા ઉપર મનનો હોય છે.

મન કરતા પણ એક જબરી શક્તિ આપણી પાસે છે. અને તે બુદ્ધિની છે. એ બુદ્ધિ જો ઠીક કામે લાગી જાય તો તે આપણા મનને ઠેકાણે લાવી શકે તેમ છે. પણ બુદ્ધિનો ઉપયોગ આપણે શાંતતાપૂર્વક અને કુનેહથી કરીએ અને સાથે સાથે બીજા અનેક સમર્થ જ્ઞાનીઓનો અનુભવ તેની સાથે જોડી દઇએ તો જ તે બરાબર રીતસર કામ કરે છે. અન્યથા તે જ બુદ્ધિ આપણને અવળે માર્ગે ઘસડી જાય છે. અને પછી આપણા હાથે **विनायकप्रकुर्वाणो कारयामास वानरम्**। જેવું અઘટિત કાર્ય થઈ જાય તેમ છે. એટલે કોઈ ગણપતિની મૂર્તિ કરવા બેશે અને થઈ જાય વાંદરૂં એટલે બુદ્ધિનો ઉપયોગ સાવધાન રહી કરવાનો હોય. દરેક કામમાં આપણી એકલાની જ બુદ્ધિ પર નિર્ભર રહી, પોતાની જ બુદ્ધિને પ્રમાણભૂત માની કાર્ય કરતા રહીએ તો આપણા હાથે નિરપવાદપણે શુદ્ધ કાર્ય થશે જ એમ માનવું એ આપણી બુદ્ધિનું પરિમિતપણું ભૂલી જવા બરાબર છે. આપણી બુદ્ધિ ઘણી પ્રખર અને સર્વગ્રાહી છે, એમ માની બેસી બધો આધાર તેની ઉપર જ રાખી આપણે બોલતા અને લખતા હોઇએ તો આપણા હાથે મોટી ભૂલ થવાનો સંભવ છે એ હમેશ સમજી રાખવું જોઈએ.

રાજકારણનો એકડો પણ આપણે જાણતા ન હોઈએ છતાં કેટલાએક માણસો એવા જોવામાં આવે છે કે, તેઓ રાજકાર્ય ધુરંધર ગણાતા રાજપુરૂષોએ આમ કરવું અને તેમ ન કરવું, તેમને સમજણ નથી, આમ કર્યું હોત તો બરાબર થાત, વિગેરે બાલસુલભ વાચાલતા કરે જાય છે એ આશ્ચર્ય છે!

પોતાની અલ્પ બુદ્ધિ ઉપર અતિરિક્ત ભરૂસો રાખનારા કેટલાએક બુદ્ધિ પ્રામાણ્યવાદિઓ જ્યારે બોલવા માંડે છે ત્યારે તો તેઓ ભલભલા જ્ઞાનીઓના પણ દોષો જોવા માંડે છે. અને પોતા તરફ સર્વજ્ઞની પદવી તાણી લેવા લલચાય છે. અને શ્રદ્ધા રાખનારા ઋજુમતિઓને ભોળા અને અણસમજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણી નિંદવા બેસે છે. શ્રદ્ધા રાખવી એ વસ્તુ એમને મન બુદ્ધિહીનપણું જણાય છે. સાથે સાથે એઓ અનેક બાબતોમાં પોતે શ્રદ્ધા રાખતા હોય છે! પણ એ વસ્તુ એઓ કબુલવા ના પાડે છે. ઝેર ખાવાથી પ્રાણ જાય છે એનો એમણે અનુભવ લીધો હોતો નથી. છતાં બીજાઓના અનુભવો ઉપર વિશ્વાસ મૂકી તેઓ ઝેરને અડતા નથી. અમુક સુપ્રસિદ્ધ ડોક્ટર પાસે દવા લઈશું તો જ આપણો વ્યાધિ મટે તેમ છે એવો વિશ્વાસ કે શ્રદ્ધા એઓ રાખે છે. અમુક ગામે જવુ હોય ત્યારે બીજાઓના અનુભવોનો લાભ તેઓ શ્રદ્ધાપૂર્વક માગે છે. એમાં એમને એટલુ જ જોવાનું હોય છે કે એ અનુભવિઓ પ્રામાણિક છે કે નહીં? એ વસ્તુના જાણકાર હોવાનો સંભવ છે કે નહીં? સાથે સાથે બીજા અનેકોનો અનુભવ તેને મળતો છે કે, વિપરીત છે? એટલી શરતો પૂરી થતા તે આ શ્રદ્ધા મૂકવામાં અચકાતા નથી. પણ આગ્રહપૂર્વક શ્રદ્ધા મૂકે છે, તેમ બીજાઓને પણ શ્રદ્ધા મૂકવા આગ્રહ કરે છે. સંસ્કૃત વ્યાકરણ જે કોઈ ભણ્યો ન હોય તે જો **रामस्य, पितृस्य** અને **वयस्य** એ બધા શબ્દોને એકજ પંક્તિમાં મૂકી દે અને પોતે સમજુ છે એમ ગણી એ વસ્તુનો આગ્રહ રાખે ત્યારે જ્ઞાની પુરૂષ એની બાલબુદ્ધિ તરફ અનુકંપાથી હસે. અને 'ભાઈ વ્યાકરણ ભણ' એટલુ જ કહી સંતોષ માને. એ વ્યાકરણથી અજાણ મનુષ્ય પોતાની બુદ્ધિને જ પ્રમાણ માની માની બેસે અને જ્ઞાની મનુષ્યો ઉપર શ્રદ્ધા ન રાખે ત્યારે એ માણસને આપણે શું કહીએ?

રેખાગણિત કે ભૂમિતિ ભણનારા સારી પેઠે જાણે છે કે, બિંદુ વગર પરિમાણનો માનવો જોઇએ. પોહોળાઈ વિનાની ફક્ત લંબાઈવાળી રેષા માનવી અને ગમે તેટલી લાંબી ત્રિજ્યાથી વર્તુલ દોરી શકાય એમ માનવું. આ ત્રણે વસ્તુઓ અશક્ય કોટીની છે. છતાં એને ગૃહિતકૃત્ય તરીકે માની આગળ ગણિત ગણાવે જવું. ગણિતશાસ્ત્ર પણ એ વસ્તુઓ ઉપર શ્રદ્ધા રાખવા જણાવે છે. આવું હોઈ શકે એવું ફક્ત માનવા કહે છે તેમાં બુદ્ધિનું પ્રત્યક્ષ પ્રમાણ માગવા ના પાડે છે. મતલબ કે પ્રથમાવસ્થામાં શ્રદ્ધા મૂકવાનું જ કહેવામાં આવે છે. શ્રદ્ધા મૂકયા વગર કોઈ પણ કાર્ય આરંભી પણ શકાતું નથી. જ્યારે બાલક સ્કુલમાં ભણવા માટે જાય છે ત્યારે એને જ્ઞાન હોતું નથી. તોપણ આ સ્કુલમાં જવાથી આપણે કાલાંતરે જ્ઞાની થઈશું એવી શ્રદ્ધા રાખવી પડે છે. બીજાઓ જેમ લખે વાંચે છે તેમ આપણે પણ લખી વાંચી શકીશું એવી ખાતરી અને વિશ્વાસ રાખી આગળ વધવું પડે છે. સ્કુલમાં પ્રવેશ કરવા પહેલા જ એ પોતાની બુદ્ધિને જ પ્રમાણભૂત ગણી પોતાને અનુભવ મળે તોજ હું ભણવા જઈશ એવો આગ્રહ ધરી બેશી રહે તો એ શી રીતે ભણી શકે? એ ઉપરથી સ્પષ્ટ જોવામાં આવે છે કે, જે શાસ્ત્ર કે પ્રક્રિયા વા સાધના આપણે સાધ્ય કરવી હોય તેના જાણનારા ઉપર આપણે પ્રથમાવસ્થામાં શ્રદ્ધા મૂકવી જ રહી. શ્રદ્ધા વિના માણસ કોઈપણ વિષયમાં પ્રગતિ સાધી શકતો નથી.

કોઈ પણ તજ્ઞ માણસ પાશે કેટલું જ્ઞાન અને સિદ્ધિ છે એની પુરી કલ્પના આપણે કરી શકીએ નહીં. એ તો એના ઉપર વિશ્વાસ રાખી આપણે પણ જાણકાર થઈએ ત્યારે તેનો તોલ કાઢી શકાય. એમાં પણ આપણે બુદ્ધિ પ્રામાણ્યનો આગ્રહ રાખીએ એ નકામો છે. ધર્મશાસ્ત્રકારો કહે છે કે, **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्।** એમાં પણ સાચું જ્ઞાન મેળવવું હોય તો તત્વ અર્થ પર શ્રદ્ધા જ રાખવી પડે. પ્રથમાવસ્થામાં કદાચ અનેક શંકાઓ હોય, પુરેપુરૂ જ્ઞાન ન થાય પણ એ આપણી પોતાની ખામી છે એમ ધારી શ્રદ્ધાપૂર્વક તજ્ઞો પાસેથી ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરતા રહીએ તો કાલાંતર આપણી શ્રદ્ધા એ પાકી અને જ્ઞાનપૂર્વકની સિદ્ધિ થવાનો પુરો સંભવ છે. પણ પહેલાથી શ્રદ્ધા હોયતો જ એ બની શકે અન્યથા નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જ વસ્તુનું જ્ઞાન મેળવવા માટે દશ માણસો ભેગા થાય ત્યારે તેજ એક વસ્તુનું જ્ઞાન જુદાજુદા માણસો પોતપોતાની બુદ્ધિ મુજબ જુદીજુદી રીતે મેળવે એ સ્વાભાવિક છે. કારણ દરેકની બુદ્ધિમાં તરતમતા હોય છે, અને દરેકના ક્ષયોપશમ ભાવ વિવિધતા ધરાવે છે. એવી અવસ્થામાં જો દરેક માણસ પોતાની બુદ્ધિને જ પ્રમાણભૂત માનવી જોઇએ એમ માને તો વસ્તુનું સમ્યક્ અને યથાતથ્ય જ્ઞાન શી રીતે મળી શકે ? એટલા જ માટે કોઈક આદર્શ તત્વ ઉપર શ્રદ્ધા રાખવી જ પડે એ સ્વાભાવિક છે. પ્રભુ મહાવીર ભગવંતે ગૌતમાદિ ગણધર ભગવંતોને જ્ઞાન આપ્યું તે ઉપર ગણધરોએ શ્રદ્ધા રાખી પછી જ પોતાને જે જે શંકા ઉત્પન્ન થઈ તેનો તેનો ઉકેલ મેળવવાનો પ્રયત્ન કર્યા. મૂળમાં જ શ્રદ્ધા ન હોય તો આગળ શંકા સમાધાન શી રીતે મેળવી શકાય ? એટલા માટે શ્રદ્ધાની જરૂર આવશ્યક જણાય છે.

શાસ્ત્રકારો જે વચનો લખી ગયા છે તેની અપેક્ષા, પૂર્વાપર ભૂમિકા ઉપક્રમ ઉપસંહાર તપાસવામાં ન આવે તો દરેક શાસ્ત્ર વચનોનો જુદો જુદો અર્થ સંભવે. તેથી જ જૈન શાસ્ત્રકારોએ અનેકાંતવાદ પ્રરૂપ્યો છે. એને જ અપેક્ષાવાદ પણ ગણવામાં આવે છે. દરેક સિદ્ધાંત નય, નિક્ષેપ અને અપેક્ષા હેતુ આદિ પ્રમાણોની કસોટી ઉપર ચકાશી જોવાની જરૂર હોય છે. અને ત્યાર પછી જ તે પ્રમાણભૂત માની શકાય છે. એટલા માટે જ કોઈ આધુનિક પંડિત જો પોતાની બુદ્ધિને પ્રમાણ માની પોતાનો મત જાહેર કરે તો તે બાલબુદ્ધિજ ગણાય એમાં શંકા નથી.

સર્વજ્ઞ ભગવંતો અને તેમણે પ્રમાણભૂત માનેલી સાધના દ્વારા જે સિદ્ધાંતો કહેલા હોય તેમાં શંકા ઉત્પન્ન થવાનો સંભવ જ ન હોય એમ નથી. પણ જિજ્ઞાસુ શિષ્ય ભાવે તે સમજી લેવાથી જ તે સમજી શકાય તેમ છે. ફક્ત વાદી જેવી ભૂમિકા ધારણ કરી ભૂલો તપાસવાની અશ્લાઘ્ય બુદ્ધિથી જો આપણે વિચાર કરતા રહીએ તો આપણા હાથમાં કાંઈપણ ન આવે એ સ્વાભાવિક છે. એટલા માટેજ અમો કહીએ છીએ કે, પોતે સાચેજ અલ્પજ્ઞ છતાં બુદ્ધિનું પ્રામાણ્ય માની ગર્વ ધારણ કરીએ. એ અત્યંત ઘાતક છે. એને માટે જ શ્રદ્ધાનું મહત્વ આપણે સમજી આપણા વિચારોમાં આવશ્યક ફેરફાર કરવો ઘટે છે. બધાઓને એ શ્રદ્ધાનો આત્મકલ્યાણકારી ભાવ સાંપડે એજ શુભેચ્છા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ ર્વો દ ય—

( લેખકઃ– પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબ )

આ વિરાટ વિશ્વમાં જડ અને ચેતન સિવાય બીજુ કોઈ તત્વ નથી, એ હકીકત આજના વિજ્ઞાનથી પણ સાબીત થઈ ચુકી છે. તેમાં જડ વસ્તુને ઉદય કે અનુદય જેવી કોઈ બાબત નથી, એ છે ચેતન એટલેકે સજીવ વસ્તુને આશ્રયીને.

સર્વોદય એટલે સર્વનો ઉદય અને સર્વનો ઉદય એટલે સર્વ જીવોનો ઉદય. જેનાથી પ્રાણી માત્રનો ઉદય થાય અગર જ્યાં જીવનો કેવલ સંપૂર્ણ ઉદય જ હોય તેનુ જ નામ ખરો સર્વોદય છે, આ છે અનુક્રમે ધર્મ અને મોક્ષ, આજે સર્વોદયનું નામ તો ઘણું બોલાય છે, અને સહુ પોતપોતાનો ઉદય થાય એમ જ ઈચ્છે છે, પરંતુ સર્વોદયની આ મુલભૂત હકીકત જ્યાં સુધી વિચારીને અમલી કરાશે નહિ ત્યાં સુધી સર્વોદય કે એકોદય પણ શક્ય બનશે નહિ.

ભારતની સરકાર અહિંસા અને સત્ય ઉપર ઉભી હોવાનું કહેવામાં આવે છે. સર્વોદયનાં આ બે પાસાં છે. વિનોબા ભાવે ભારતમાં પેદલ કરી સર્વોદયનો પ્રચાર કરે છે. છતાં–આ દેશની પ્રાંતિય તથા રાષ્ટ્રિય પંચવર્ષિય યોજનાઓ વિગેરે સામે જુઓ ? શું મત્સ્યોદ્યોગ–મરઘાં બતક ઉછેર, કતલખાનાનો વિકાસ, માંસ હાડ–ચાંમડાની નિકાસ વૃદ્ધિ–વ્યાપક માંસાહાર વગેરે હિંસક યોજનાઓથી સર્વનો ઉદય થશે કે નાશ થશે ?

જેવો તમારા શરીરમાં જીવ છે તેવો બીજાના શરીરોમાં પણ પ્રત્યેક રહેલો છે. જીવવું તમને જેવું પસંદ છે, તેવું અન્ય સહુને પણ જીવવું જ પસંદ છે, મરવું પસંદ કોઈને નથી. તમોને કોઈ દુઃખ આપે તે જરાય ગમતું નથી, સુખ જ ગમે છે. તો બીજા સહુને પણ સુખ જ ગમે છે, આ 'બેહુ ચાર' જેવું સત્ય શું નથી સમજાય તેવું ? કોઈ કોઈને મારે નહિ કે કોઈ કોઈને ખાય નહિ એ માટે આ દેશમાં અહિંસાની સનાતન કાલથી પ્રતિષ્ઠા છે. પહેલાં પણ આ દેશમાં વસ્તી હતી, વધતી પણ હતી, છતાં આટલી બધી અછત અને તે પુરવા માટે આટલી બધી હિંસક યોજનાઓ, માંસાહાર, ઉપરાંત લોકોનુ વંધ્યીકરણ વિગેરે શું કદીયે થતું હતું ખરૂં ? પૂર્વે પણ સરકારો અનેક આવી ગઈ, અનેકે રાજ્ય કર્યા, કોઈએ પણ સત્તાનો અમલ લોકો ઉપર આ રીતનો કરેલો શું કદી જાણ્યો છે ? અહિંસા પ્રધાન આ ભારત દેશમાં અને આ લોકશાહી જમાનામાં આ બધું શું થવા બેઠું છે ? માણુસ સુખને માટે પ્રયત્ન કરે, પરંતુ આપણે જાણીએ છીએ કે જ્યારે દેશમાં પાપ ઉભરાય છે ત્યારે અનેક પ્રકારની આપત્તીઓ અણધારી આવી પડે છે અને તેજ હાલત આજે આપણે ભારતની જોઈ રહ્યા છીએ. અનાવૃષ્ટિ–અતિવૃષ્ટિ–ધરતીકંપ–અકસ્માતો–ચોરી–લુંટ-ખુન આ બધા એનાં અનિષ્ટ પરિણામો આજે દેશમાં સાક્ષાત અનુભવાય છે. શું તમારે ખરેખર સુખી થવું છે ? તો બીજા સહુ સુખી થાય, એ વિચારને તમારા મગજમાં પહેલું સ્થાન આપો. માનવ અને માનવેતર બધાય જીવો તમારા ભાઈ ભાંડુ જ છે એમ નક્કી કરો. હિંસા વગેરે પાપકર્મોથી પાછા હટો, સરકાર તમારી છે, કોઈ પણ હિંસક યોજનાને અવકાશ મળે નહિ તથા તેનો અમલ થાય નહિ, તેવી પરિસ્થિતી સર્જો, માંસાહાર જેવા નાશક ખોરાકના ભ્રમમાં પડો નહિ, સ્ત્રીઓનો અતિસહવાસ કરો નહિ, પીક્ચરો જોવાનો ને અશ્લીલ સીને સંગિતો સાંભળવાનો શોખ જતો કરો, સંયમ–બ્રહ્મચર્ય અને શુદ્ધ નીતીના ઉમદા સંસ્કારોનું જીવનમાં પાલન કરો, વડિલો–વૃદ્ધો અને સાધુસંતો તરફ સન્માન વૃત્તિ રાખો, દુર્વ્યસનોનો સંગ છોડી દો. દીલમાં શુદ્ધ દયાનો ભાવ રાખો, શિક્ષણમાં જ્યાં જ્યાં હિંસા–જુઠ–અનિતી–અનાચાર જેવા દુષણોને ઉત્તેજન આપનારૂં કાંઈ પણ આવતું હોય તેની સફાઈ કરો. યાદ રાખો ધર્મથી જ સુખ છે અને ધર્મથી જ મોક્ષ છે, એ જ ખરો સર્વોદય છે તો સહુ ધર્મના માર્ગે વળો એજ શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંધશ્રદ્ધા સામે જેહાદ

શ્રી પરમાનંદ

ગઈ કાળી ચૌદશની રાત્રે (તા. ૧૯-૧૦-૬૦) ખાખરેચી મુકામે શ્રી ભવાનભાઈ નામના એક ગૃહસ્થે મેલી વિદ્યા સાથે સંબંધ ધરાવતા ભુવાઓને પડકાર કર્યો હતો અને એ પડકારને ઝીલીને અનેક ભુવાઓએ મળીને શ્રી ભવાનભાઈ ઉપર મેલી વિદ્યા અજમાવી હતી અને તેનું કશું જ પરિણામ આવ્યું નહોતું અને એ રીતે ત્યાં વસતા લોકોને મેલી વિદ્યાની ભડકથી શ્રી ભવાનભાઈએ મુક્ત કર્યા હતા–આ મતલબના સમાચાર તા૦ ૧૬–૧૧–૬૦ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવ્યા હતા. આ ભવાન-ભાઈ અને તેમના આ વહેમમુક્તિના ધર્મકાર્યના સાથી ભાણજીભાઈનો તા૦ ૨૬–૧૧–૬૦ના 'જન-સંદેશ'માં નીચે મુજબ પરિચય આપવામાં આવ્યો છે:–

શ્રી ભવાનભાઈ ઓધવજીની વર્ષ ઉમ્મર ૫૮ છે અને ભાણજીભાઈ કુંવરજીની ઉમ્મર વર્ષ ૫૫ છે અને બન્ને જાતે કણબી છે. કાઠિયાવાડ રાજકીય પરિષદ મારફતે ૧૯૩૦ના જાન્યુઆરી મહિનામાં સ્વ. મણિલાલ કોઠારી, સ્વ. ફૂલચંદભાઇ અને સ્વ. શિવાનંદની દોરવણી હેઠળ થયેલા સર્વ પ્રથમ સત્યા-ગ્રહમાં બન્ને ભાઈઓએ ભાગ લીધો હતો. અને બન્ને જણા જેલમાં ગયા હતા. તે વખતના મોરબી રાજ્યે તેમની જમીન જપ્ત કરી હતી અને જેલમાંથી છૂટયા બાદ તેમને હદપાર કર્યા હતા. તે પછી તેઓ દાંડીકૂચ વખતે ધોલેરાના નીમક–સત્યાગ્રહમાં જોડાયા હતા અને પાંચ વર્ષ સુધી હદપાર રહ્યા હતા અને પછી ૧૯૩૫ની સાલમાં તેઓ પોતાને વતન ખાખ-રેચીમાં પાછા ફર્યા હતા. સ્વરાજ્ય આવ્યા બાદ સૌરાષ્ટ્રનું એકમ થતાં, તે વખતની સૌરાષ્ટ્ર સરકારે આ બન્ને ભાઇઓને, લગભગ અઢાર વર્ષ પછી, તેમની જમીન પાછી અપાવી હતી. આ જુગલજોડી છેલ્લા વીશ વર્ષ દરમિયાન ગ્રામ્યજનતાને મેલી વિદ્યાના ઢોંગધતુરાની પકડમાંથી છોડાવવાની જબરી ઝુંબેશ ચલાવી રહેલ છે. તેમની આ લડતમાં એક ત્રીજા સાથીદાર સાંપડ્યા છે, જેમનું નામ છે વસરામ અમરશી. ભવાનભાઈ નિવૃત્ત પંચાયતમંત્રી છે. ભાણજીભાઈ સરપંચનો હોદ્દો સંભાળે છે અને વસરામભાઇ પંચાયતના સભ્ય છે.

ઉપરના જણાવેલ મેલી વિદ્યાનો કરેલો પડકાર કાંઈ પહેલ વહેલો નથી. છેલ્લા વીશ વર્ષમાં આવા લગભગ વીશ પ્રસંગો બની ગયા છે અને દરેક વખતે તેમણે ભુવાઓના ઢોંગ–ધતુરાને ખોટા ઠરાવ્યા છે. તેમના થોડાક પ્રસંગો 'જનસંદેશ માંથી તારવીને નીચે આપવામાં આવે છે :–

૧

ઝાલાવાડ જિલ્લાના ધાવરેચિયા ગામેથી કોઈ ચબરાક માણસે કૂતરો ભગત અને શીતળાનો નાનો રથ ચાલતો કર્યો. તેમાં એક ચોપડી રાખી, જેમાં લખ્યું હતું કે આ કૂતરો ભગત છે અને તે શીત-ળાનો રથ ચલાવે છે. તે રથ ગામેગામ ચાલુ રાખશો અને જો કોઈ આ કડી તોડશે તો તેનું નખ્ખોદ નીકળી જશે. આ ચોપડીમાં વિશેષ સૂચના લખી હતી કે જ્યારે આ કૂતરો ભગત શીતળાનો રથ જે ગામે લઈ જાય તે ગામે તે દિવસે 'અગતો' પાળવો– એટલે કે કામ બંધ કરવું, નિવેદ કરવાં, શ્રદ્ધા પ્રમાણે ભેટ ધરવી અને ચોપડીમાં લખવી.

આમ આ રથ તથા કૂતરો, ફરતો ફરતો ખાખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેચી ગામે આવ્યો. રિવાજ મુજબ સીમાડે ભુવાઓ તેને લેવા ગયા. સાથે ડાકલાં લઈ ગયા. વેજલપર ગામેથી આ કૂતરો ભગત અને રથ સીમાડે આવ્યા હતા. ભુવાઓ સાથે લોકો પ્રસાદીની અધમણ ખાંડ, એક મણ જુવાર વગેરે લઇને ગયા હતા. તેમણે તેનો કબજો લીધો અને તે લઇને ગામને ચોરે આવ્યા. ત્યાં ગ્રામપંચાયતના સરપંચ ભાણજી કુંવરજી અને ભવાનભાઈ ઊભા હતા તેમની સામે ઊઘાડી તરવાર રાખીને ભૂવા આવ્યા અને કહેવા લાગ્યા કે હવે કયાં રથ પધરાવવો છે ?

ભાણજીભાઈ તથા ભવાનભાઇએ રથ અને કૂતરાનો કબજો લીધો. નાનો રથ હતો તે પથ્થર પર પછાડી તોડી નાંખ્યો. કૂતરા ભગતની ડોકમાં ગામે ગામથી જે એંશી માળાઓ હતી તે છરી વતી કાપી નાંખી અને કૂતરાને છૂટો કર્યો. રથમાં પૈસાની છ થેલીઓ હતી તેની પરચુરણ ચોરામાં ઠાલવી. તે ગણી તો ૧,૧૭૩ રૂપિયા થયા. તે રૂપિયા પંચાયતે કબજે કર્યા, અને તે કન્યાશાળામાં તથા ગામની ધર્મશાળાના મકાનના રકમ સમારકામ માટે ખર્ચી.

આ ઉપરાંત માતાની ધજાને નામે ગામેગામથી મળેલી ચુંદડીઓ રથમાં હતી, તે લુગડાના પોટલામાંથી છ મહિના સુધી ગરીબ લોકોને કપડું આપ્યા કર્યું....ઘણા લોકોએ બીવરાવ્યા કે શીતળાનો રથ તોડી નાંખ્યો છે અને કૂતરા ભગતને છૂટો મૂકયો છે, એટલે હવે તમે મરી જવાના. પણ કંઈ જ થયું નહિ. આમ અંધશ્રદ્ધા અને વહેમ સામે સફળ લડત કરી.

૨

ખાખરેચીની સીમમાં ફાટસર તળાવે ચુડેલનો પાળીઓ છે. આ સ્થળે જતાં લોકો ડરતાં હતાં. આ બીકના માર્યા જ સાતેક જણાં મરી ગયેલાં. આ બિહામણાં સ્થળે બૈરાં ચાલે નહીં. એવી લોકવાયકા હતી કે જો આ સ્થળેથી ભાતું–રોટલા શાક લઇને જાય તો એ રોટલા લોહી બની જાય. અનેક પરચાની બિહામણી વાતો પેઢી દર પેઢી ચાલ્યા કરે. ભુવાઓ આનો લાભ લઇને તમને ચુડેલ વળગી છે તેવા ઢોંગ કરે, લોકોને લૂંટે, ઉતાર કાઢે.

લોકોમાંથી આ વહેમ કાઢી નાખવા ભવાનભાઈ, સરપંચ ભાણજીભાઈ અને વશરામભાઈની ત્રિપુટીએ કમર કસી. ત્રણેય જણા કોદાળી, પાવડા, ત્રિકમ, સાંગડા લઈને ગામથી એક માઈલ છેટે, આ વહેમી પાળિયા પાસે ગયા. ચુડેલને કહ્યું કે 'તું જો હાજરાહજુર હોય તો આવી જા !' પણ કોણ આવે ? પછી પાળિયો ખોદી, ઉથલાવીને ફેંકી દીધો. એના પથ્થરની ઝીણી કાંકરી કરી નાંખી. ગામના ભુવા તો છક જ થઈ ગયા. માણસો કહે તમને કેમ ચુડેલ ન વળગી ? તમે જીવતા આવ્યા એ જ અચરત છે. આમ તેમણે આ જગ્યા અંગેનો વહેમ હંમેશ માટે કાઢી નાખ્યો.

૩

ખાખરેચી ગામના હરિભાઈ પ્રાગજી નામના એક ભાઈ બીમાર પડયા. તેની માતાએ ભુવાને તેડાવ્યો. ભુવો કહે કે ઘર અને ઓસરી વચ્ચે માતાનો થડો બેસાડો તો હરિભાઈ સાજા થાય. ઘર અને ઓસરી વચ્ચે માતાનો થડો બેસાડયો. હરિભાઈ સાજા તો થયા, પણ તેમને ઘર છોડવું પડયું. જે ઘરમાં માતા બેઠા હોય તે ઘર વપરાય નહીં. નવું ઘર ચણાવવું પડયું.

ભુવાએ ભારે કરી. ભવાનભાઈની મંડળીએ હરિભાઇને ખૂબ સમજાવ્યા. છેવટે હરિભાઈએ તેમને કહ્યું કે " જો તમારામાં ત્રેવડ હોય તો તમે જઇને તે કાઢી નાખો.'

ભુવાએ તો કહ્યું હતું કે ઘરમાં મહિષાસુર છે. પણ તેને આ ભાઇઓએ ગણકાર્યો નહીં. તેઓ તો ત્રીકમ–પાવડા લઇને પહોંચી ગયા અને નાનું સરખું માટીનું માતાનું દેરૂ હતું તે તોડી નાખ્યું. તેની ધજા, શ્રીફળ, છતર વગેરે પંચાયતમાં લઈ આવ્યા, ઘર સાફ થઇ ગયું. ભુવાએ ઘર બંધ કરાવીને નકામું બનાવ્યું હતું તે ફરી ચાલુ કરાવ્યું. આથી એક ભુવો ખૂબ ખીજાયો. તેણે મંત્રીને તેમના પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાણા છાંટયા તેમના કુટુંબીઓને ડરાવ્યા. પણ એમને ઉની આંચ ન આવી. ગામના જૂનવાણી વિચારના લોકો છક થઈ ગયા.

૪

ખાખરેચીથી ચીખલીની સડક બંધાતી હતી. વચમાં ચારણની માતાનો થડો આવે. આ થડો સડકની વચ્ચોવચ. આ થડા પાસે મજૂરો માટી નાંખે નહીં. જો ત્યાંથી સડક ફેરવે તો અનેક ખેતરો બગડે.

આ ત્રણેય ભાઇઓને ખબર પડી એટલે એ ત્રણેય ત્યાં ઉપડયા માતાનો થડો કાઢી નાંખ્યો. સડક પર માટી નાંખી શ્રમ કર્યો. સડક જે રીતે નીકળતી હતી તે રીતે જ નીકળી. પછી મજૂર કામ કરતા થયા. આમ ખેતર બચી જવા પામ્યું અને વહેમની જડ હતી તે નીકળી.

૫

સરપંચ ભાણજીભાઇના ભાણેજ ખીમજીનું મગજ અસ્થિર થતાં તેના ઘરના લોકોએ ભુવા ભેળા કર્યા; ભુવાઓ ખીમજીને ધૂણાવે માતાના ડાકલા વાગે. ખીમજી સાજો થાય નહીં. ભુવાઓ ખૂબ ખરચ કરાવે. આ ભાઇઓથી આ જોયું જાય નહીં. એક વખત ત્રણેય જણા, બરાબર ભુવાનો રંગ જામ્યો હતો ત્યારે, ત્યાં પહોંચ્યા. ભાણજીભાઇએ કહ્યું કે "ખીમજી બહાર આવ. આ ભુવાઓ ખોટા છે." ત્યાં એક ભુવો બોલ્યો કે "માતાના થડાને હાથ લગાડો–તો ત્યાં જ ચોંટયા રમેશો." ભાણજીભાઇએ માતાના થડાને હાથ લગાડયો પણ કંઈ થયું નહિ. એટલે પછી માતાનો પડો, નાળીએર. ધજા, જમણી, છતર, બધું ઉપાડી લીધું. ખીમજીને ઘેર લાવ્યા. દાકતર પાસે દવા કરાવી તેથી તે સાજો થયો. ભુવાઓ જોતા જ રહ્યા એમની માતાથી કંઈ થયું નહીં.

"પ્રબુદ્ધ જીવન"માંથી સાભાર ઉધ્ધૃત

# જૈન ભાઇઓ જાગો

દુનિયાના અન્ય ધર્મી ભાઇઓ પોતાના ધર્મની વિશીષ્ટતાઓ મનગમતી ભાષામાં મુકી બહારના લોકોને પોતા તરફ આકર્ષી રહ્યા છે. ત્યારે અફસોસની વાત છે કે **આપણા જૈન ભાઈ એ આચાર વિચારમાં નીચે જઈ રહ્યા છે** આ સ્થિતિની સુધારણા અર્થે તેમજ પ્રભુ મહાવીરના અહિંસા (પ્રાણીહિંસા અટકાવવા વિગેરે) ઉચ્ચ સિદ્ધાંતો બહારના ભાઇઓ પાસે મુકીએ તો **પોતાના ધમમાં રહ્યા છતાં આચરણમાં મુકી શકે** તો ઘણા જીવો આપણે બચાવી શકીએ.

આ કાર્ય કરવા આપણે શ્રી જૈન મિશનરી સોસાયટી અગર એવા નામની સંસ્થા ઉભી કરી તેની જાતનું સાહિત્ય તથા પ્રચારકો તૈયાર કરવા આપણે દેરાવાસી, સ્થાનકવાસી, તથા દિગંબરભાઇઓ પોતાના વાડાના ભેદ ભૂલી જઈ એક જ પ્રભુ મહાવીરના સૌ બાળકો છીએ. અને સૌ એક જ પ્લેટફોર્મ ઉપર ભેગા મળી દુનિયાના જીવોને શાંતિ મળે અને **જેમાં આપણું પોતાનું જ કલ્યાણ સંકળાયેલું** છે એવી અમુલ્ય સેવાનો લાભ લેવા સૌ ભાઈઓને બહાર આવવા વિનંતી છે.

આ બાબતમાં રસ ધરાવનાર ભાઇઓ પોતાતા વિચારો લખી મોકલે તેમજ આ વિચારને મૂર્તસ્વરૂપ આપવા હિંદના કોઇ પણ સ્થળે સૌ ભેગા મળી ત્યાં આપ આવી શકો કે કેમ તે નીચેના સરનામે લખી મોકલવા વિનંતી છે.

પોષ્ટનું સરનામું.
**હરિલાલ બેન્કર**
**સુરેન્દ્રનગર સૌરાષ્ટ્ર**

લિ૦
સેવક
**હરિલાલ બેન્કર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મ-મૌક્તિકો—

લે. અમરચંદ માવજી શાહ

દર્શન શુદ્ધિ એ મારા સાધના મંદીરનો ભવ્ય દરવાજો છે, તેમાં આત્મશ્રદ્ધાથી પ્રવેશ કરવા માટે પુરૂષાર્થ કરૂં, મારા શુદ્ધ જ્ઞાન સ્વરૂપનાં ગભારામાં પ્રવેશ કરવા ભેદવિજ્ઞાન વડે તૈયારી કરૂં અને જ્યાં આત્મભગવાન બીરાજમાન છે તે સ્વરૂપમાં સ્થિર થવા માટે તીવ્ર જિજ્ઞાસુ બનું.

સૂર્ય બરાબર મધ્યાન્હે આવે છે ત્યારે છાંયા સમાઈ જાય છે. તેમ આત્મા સમભાવના મધ્યાન્હે પહોંચે છે ત્યારે રાગદ્વેષની છાંયા અદૃષ્ય થાય છે, મનની સ્થિરતા થતાં સમભાવ પ્રકાશીત થાય છે.

જવાબદાર રાજતંત્ર એટલે સ્વાધિનતા આ સ્વાધિનતા જેટલી આધ્યાત્મિક દૃષ્ટિએ વિકાસ પામી હોય તેટલી તેની સફળતા છે. સ્વાધિનતા જો સ્વાર્થથી દુષિત થઈ હોય, સ્વચ્છંદમાં પરીણમી હોય તો તે શ્રાપ રૂપ બની જાય છે. જવાબદારી લીધા પછી બેપરવાઈ સેવનાર તંત્રને માટે નાલાયક છે. નાટક ભજવનાર તો તેના કર્તવ્યમાં તન્મય રહે છે તેના રસનાં ભોક્તાઓ પ્રેક્ષકો જ બને છે.

અનાદી અનંત સંસાર છે, અને અનંત કર્મવાળા જીવો છે તેઓને કઇ ગતિ પોતાની થશે તેની કાંઇ સમજ નથી તેઓ પોતાને જાણુતા નથી પરમાં મોહથી ભમે છે અનંતા પાપ કર્મો કરતાં તેઓ આંચકો ખાતા નથી રાગ અને દ્વેષ એ તેનું કર્તવ્ય છે. આવા આ સંસારમાં તમે કોને બુઝવશો? સંસારનો દાવાનળ કેમ બુઝાવશો? માટે પ્રથમ તમે જ બુઝો અને અનંત સંસારનો અંત લાવો.

આપત્તિ એ તો આત્મમંથનરૂપ વલણોને ગતિમાન કરતું ચક્ર છે. સંપત્તિમાં સમય પાણીના પ્રવાહ પેઠે ચાલ્યો જાય છે. વિપત્તિમાં મનના તરંગોના તાર ઝણઝણે છે વૈરાગ્યનાં ચક્રો ગતિમાન થાય છે અને તત્ત્વવિચારણારૂપ માખણ પ્રાપ્ત થાય છે કહો ત્યારે સાધકને સંપત્તિ સારી કે વિપત્તિ?

કયા સુખની પાછળ માનવો દોટ મૂકી રહ્યા છે? કૃત્રિમ સાધનો વધારી જીવનને કુદરતીને બદલે અકુદરતી કૃત્રિમ રીતે જીવી રહ્યા છે. કયા ધ્યેયને સિધ્ધ કરવા જીવાય છે તેની કોઇને ખબર હોય તો કહો? મળે છે તેમાં સંતોષ નથી. નથી મળતું તેનો શોક છે. આમાં સુખ કયાં?

જેને તમે સાધ્ય માનો છો, તેને અમે સાધન માનીએ છીએ, તેમ જેને સાધન માનો છો તેને અમે સાધ્ય માનીએ છીએ. આટલું લાંબુ અંતર અમારા ને તમારા વિચારોમાં છે. તમે ધનને સાધ્ય માનો છો અને તે પ્રાપ્ત કરવા ધર્મને સાધન બનાવો છો. અમે ધર્મને સાધ્ય માનીએ છીએ અને ધનને સાધનરૂપ ગણીએ છીએ ધર્મને ભોગે ધન પ્રાપ્ત કરવાની ભાવના અધમ છે.


ચંદનથી ખરડાયેલા હાથ કપડાને લાગવાથી હાથ સાફ થાય ને કપડામાં સૌરભ પ્રસરે અને કાજળથી ખરડાયેલા હાથ કપડાને લાગવાથી કપડા કાળા થાય તેમજ સત્સંગરૂપ ચંદન અને કુસંગ રૂપ કાજળનું સમજવું.

તળાવને ડોળવાનો પ્રયત્ન કરશો નહિ નહિતર તળીયાનો બધો કચરો પાણીને ગંદુ કરી નાખશે એજ રીતે કોઈપણ વ્યકિતના દોષને ઉખેળવાનો પ્રયત્ન કરશો નહિ, માત્ર તેનાં ગુણરૂપી જળનું પાન કરજો.

જગતની દરેક વસ્તુમાં સંગીત ગુંજી રહ્યું છે તમારા ચિત્તને સ્થીર પ્રસન્ન રાખવા ચિત્તની એકાગ્રતા જાળવી રાખો. રાગદ્વેષ કરી અસ્થીર થશો તો એ એ મધુરતાની મજા ચાલી જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નિરંતર વિચારવા લાયક સુંદર ભાવના

સં. મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી તળાજા ( સૌરાષ્ટ્ર )

(૧) શરીર પૈસાટકા, વિલાસનો અને કુટુંબ પરિવારબંધુ નાસવંત હોવાથી સમજુ આત્માએ એના પ્રત્યે પ્રેમ રાખવા જેવો નથી, જેમ બને તેમ મોહ ઘટાડવા ઉદ્યમી થવું.

(૨) સંસારભારનો કોઈ પણ પદાર્થ આ જીવને રોગ, જરા મરણ વગેરે આફતના અવસરે સાચું શરણ આપી શકે તેમ નથી. એક ધર્મ જ હંમેશને માટે રક્ષણ કરનાર છે.

(૩) આ દુઃખથી ભરેલા ભયંકર સંસારમાં, ઘણા કાળથી અનેક ભવોમાં આથડતા આત્માને પારાવાર કષ્ટો અનિચ્છાએ સહવા પડે છે, આથી વિવેકીજનો સંસારને છોડવા જેવો કહે છે.

(૪) આ ચેતન એકલો આવ્યો છે, એકલો જવાનો છે પુન્યપાપનાં ફળ એકલો ભોગવશે. માલ-ખાનારા ઘણા મળશે, પાપના પરિણામે માર એકલાને જ ખાવો પડશે.

(૫) પોતાના જ્ઞાનાદિ ગુણો સિવાય કોઈ વસ્તુ આત્માની નથી, ઘરને ભૂલીને પારકી મજૂરી આખી જીંદગી કરાય છે. ‘ શરીર હું નથી ’ એનાં સાધનો મારાં નથી, એ વિચાર સતત લાવવા જોઈએ.

(૬) આ શરીર પોતે અપવિત્ર, અપવિત્ર પદાર્થોથી બનેલું, પવિત્ર પદાર્થોને પણ અપવિત્ર બનાવનારૂં છે. તેના રાગમાં ભાન ભૂલી અનેક પાપો કરનારા બહુ ભૂલે છે. નાશવંત દેહથી સાચા ધર્મને સાધવો એજ એનું ખરૂં ફળ છે.

(૭) ઇંદ્રિયોની ગુલામી, અતિશય ધનની કામના, ઉંધી માન્યતા, અને અનાચારનું સેવન ઘણા પાપ બંધાવી આત્માને ભારે કરીને સંસારસાગરના તળીયે પહોંચાડી દે છે.

(૮) સન્માર્ગે શ્રવણ, સંતસમાગમ, સદાચાર, સુંદર વિચાર, સહનશીલતા, સંતોષ, નમ્રતા ઇંદ્રિય-દમન, બ્રહ્મચર્ય, વિવેક વિગેરે ગુણો આવતા પાપને અટકાવી આત્માને તારનારા બને છે.

(૯) કોઈ પણ જાતની દુન્યવી ઇચ્છા વિના કરેલ તપથી ઘણા પાપકર્મ બળી જાય છે. તેથી આત્મા નિર્મળ બને છે.

(૧૦) જગહિતકારક પરમાત્માએ દેખાડેલ ધર્મ-માર્ગ ત્રણે કાળમાં અત્યંત હિતકર અને સર્વ પ્રકા-રની શાંતિ આપનાર છે.

(૧૧) સંસારમાં સર્વ જગ્યાએ આ જીવ જન્મ-મરણના ફેરા કરી આવ્યો છે. કોઈપણ સ્થાને સ્થિર રહી શકાયું નથી. મમતામાં મુંઝાયેલ જીવડો દુઃખી થાય છે.

(૧૨) રાજ વૈભવ, ધનના ઢગલા, મોટા બંગલા, સુંદર શરીર, ખાવાપીવાના તથા મોજમજાહના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધનો મળવા સહેલા છે, પણ ધર્મની પ્રાપ્તી થવી બહુ દુર્લભ છે.

(૧૩) સર્વે જીવો મારા મિત્રો છે. કોઈ મારો શત્રુ નથી. મારા શત્રુઓ પણ સુખી થાઓ, સહુના મોહ, અજ્ઞાન વગેરે આંતર શત્રુ નાશ પામો, આત્મિક પ્રગતિમાં આગળ વધી પરમશાંતિ અનુભવો.

(૧૪) પોતાના વાણી વિચાર વર્તનને નિર્મળ બનાવી આત્મકલ્યાણમાં આગળ વધેલા ગુણવાન આત્માઓની વારંવાર પ્રશંસા કરૂં છું, તેમના તે તે સારા ગુણો મારા અંતરમાં નિરંતર વસજો.

(૧૫) જગતના જીવો અજ્ઞાનતાવશે દુઃખી થાય છે. તેમની અજ્ઞાનતા નાશ પામે, પાપો બળી જાય અને સાચી શાંતિ પામે એમ અહોનિશ ઈચ્છું છું.

(૧૬) જેઓ સમજાવવા છતાં દોષોને ટાળતા નથી. શિખામણ આપનાર ઉપર પણ ચીડાય છે, તેમનું પણ કલ્યાણ થાઓ, એમના ઉપર દ્વેષ કરવા જેવો નથી, પણ દયા ચિંતવવી જોઈએ.

હે આતમન્! આવી સુંદર ભાવના નિરંતર વિચારી, જીવન પવિત્ર બનાવવા ખૂબ પ્રયત્ન કર, પરમકલ્યાણ પામીશ.

(શ્રી આધ્યાત્મિક વિચારસંગ્રહમાંથી)

## લે....ખ....કો ...ને વિ....નં ...તિ

'આત્માનંદપ્રકાશ' દર મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે તો દરેક લેખકોને તા. ૧લી પહેલા લેખો લખી મોકલવા વિનંતી.

એપ્રીલની પંદરમી તારીખે 'મહાવીર જન્મ કલ્યાણક' અંક બહાર પડશે તો ભ૦ મહાવીરના જીવન સંબંધી કાવ્યો, લેખો, વાર્તાઓ, ઐતિહાસિક નોંધ વગેરે તા ૧લી એપ્રીલ પહેલા લખી મોકલવા સૌ લેખકોને નમ્ર વિનતી.

પ્રકાશન સમિતિ
આત્માનંદપ્રકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431.

# મંગલ-વાણી

(૧) એકજ વિષયો પર દ્વેષ કરનારા જીવો જ્યારે તેજ વિષયો પરિણામાંતર પામી સારા થાય છે, ત્યારે તેજ પદાર્થોમાં તલ્લીન થાય છે, તેથી આ જીવને નિશ્ચયથી કોઈપણ પદાર્થ ઇષ્ટ અથવા અનિષ્ટ નથી.

—શ્રી ઉમાસ્વાતિ મહારાજ

(૨) જેને પરિગ્રહ છે તેને આસક્તિ, આરંભ કે અસંયમ કેમ ન હોય? તેમજ જ્યાં સુધી પરદ્રવ્યમાં આસક્તિ છે, ત્યાં સુધી આત્માનું સાધન શી રીતે થવાનું ?

—શ્રી કુંદકુંદાચાર્ય

(૩) ધર્મને માટે પૈસા મેળવવાની ઇચ્છા કરવી તેના કરતાં તેની ઇચ્છા ન જ કરવી એ વધારે સારૂં છે. પગે કચરો લાગ્યા પછી તેને ધોઇને સાફ કરવા કરતાં દૂરથી કાદવનો સ્પર્શ ન જ કરવો એ વધારે સારૂં છે.

—શ્રીમદ્ હરિભદ્રસૂરિજી

(૪) જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, તપ અને જ્ઞાનનો મદ કરવાથી પ્રાણી તેજ બાબતમાં હીન થાય છે.

—શ્રીમદ્ હેમચંદ્રાચાય

(૫) માન અપમાન ચિત્ત સમ ગણે, સમગણે કનક-પાષાણ રે;
વંદક નિંદક સમગણે ઇશ્યો હોય તું જાણ રે.

—શ્રીમદ્ આનંદઘનજી

(૬) ક્રિયારહિત જ્ઞાનમાત્ર નિષ્ફળ છે. રસ્તાનો જાણનાર પણ ગતિ કર્યા વગર વાંછિત નગરે પહોંચી શકતો નથી.

—શ્રીમદ્ યશોવિજયજી

(૭) જેમ કોઈ માણસને ખસ થઈ હોય અને તેના પર ચળ-ખુજલી આવે ત્યારે તેને ખણવામાં સુખ માને છે. તેમ મોહમાં આતુર થયેલા માણસો કામભોગના વિષયોને સુખ કહે છે.

—ધર્મદાસ ગણિ

(૮) તું પ્રમાદથી નાના જીવોને પીડા આપવાનાં કર્મમાં નિર્દયપણે શા માટે પ્રવૃત્તિ કરે છે? જે પ્રાણી બીજાને એકવાર પણ પીડા નીપજાવે છે-તેજ પીડા ભવાંતરમાં તે અનંતવાર ખમે છે.

—શ્રી મુનિસુંદરસૂરિ

પ્રકાશક: ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only